**<u>એન.ડી.પી.એસ. કેસ નં. ૧૦/૨૦૨૫</u>**

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

આ કામે રજુ કરવામાં આવેલ ચાર્જશીટની વિગત જોતાં, આરોપી સામે માદક પદાર્થ ગાંજો તેઓના ગેરકાયદેસર કબજામાં રાખવા બાબતે એન.ડી.પી.એસ. એકટની કલમ–૮ (સી), ૨૦ (બી) (II–એ), ૨૯ મુજબનો કેસ છે અને કબજે કરેલ ગાંજાનું વજન ૦.૭૧૮ ગ્રામ દર્શાવેલ છે.

ઉપરોકત હકીકતે આ અદાલતે ચાર્જશીટ તથા તે સાથે રજુ કરેલ તમામ કાગળો તથા મુદ્દામાલ પાવતીનો અભ્યાસ કરતાં, એવું જણાઈ આવે છે કે, આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ ગેરકાયદેસર ગાંજાનો જથ્થો ૦.૭૧૮ ગ્રામ છે અને સરકારશ્રીએ બહાર પાડેલ નોટીફીકેશન મુજબ જો ગાંજાની માત્ર ૧૦૦૦ ગ્રામ કે તેથી ઓછી હોય તો તે "SMALL QUANTITY" ની વ્યાખ્યામાં પડે અને જયારે તે મુજબની પરિસ્થીતી હોય તો પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ તેવા કેસની કાર્યવાહી ચલાવવાની સત્તા વિ. જયુ. મેજી. ફ. ક. કોર્ટને રહેલ હોય, સદરહું કેસ હકુમત ધરાવતી કોર્ટને કેસની ટ્રાયલ ચલાવવા સારૂ મોકલી આપવું ન્યાયના વિશાળ હિતમાં જરૂરી જણાઈ આવતું હોય, સદર કેસ અત્રેની કોર્ટમાંથી હકુમત ધરાવતી કોર્ટ તરફ ન્યાયનિર્ણય સારૂ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૦૭ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૦૭–૦૪–૨૦૨૬.**
**મુકામ :– ગાંધીનગર.**

**(દિલીપ પુખરાજ પુરોહીત)**
**સ્પે.જજ(એન.ડી.પી.એસ)**
**પાંચમાં અધિક સેશન્સ જજ,**
**ગાંધીનગર.**
***CODE No. GJ00928***